ધર્મજના સિનિયર આગેવાને ફોર્મ પરત ખેંચતા આખી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું

પેટલાદ APMCમાં ભાજપના બે જૂથોની રસ્સાખેંચ વચ્ચે ચૂંટણી બિનહરીફ જાહેર

કંગાળ સમિતિનું સંચાલન લોઢાના ચણાં ચાવવા બરાબર

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૦

પેટલાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની ચુંટણીમાં ખેડૂત વિભાગના એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લીધું હતું. જેથી સમગ્ર ચુંટણી બિનહરીફ જાહેર થઈ છે. ત્રણ વિભાગની 16 બેઠકો માટે યોજાયેલ ચુંટણીમાં વેપારી વિભાગની 2 બેઠકો ખાલી રહેતા 14 સભ્યોનું પ્રતિનિધી મંડળ પાંચ વર્ષ માટે કાર્યરત રહેશે.

પેટલાદ એપીએમસીની આર્થિક સ્થિતી ખૂબ જ નાજુક છે. જેને કારણે કાયમી કર્મચારીઓના પગાર સમયસર થઈ શકતા નથી. આવી આર્થિક ભીંસ વાળી એપીએમસીમાં ત્રણ વિભાગની 16 બેઠકો માટે ચુંટણી યોજાઈ રહી હતી. જેમાં ખેડૂત વિભાગની 10 માટે 17 ઉમેદવારોએ ચુંટણીમાં ઝંપલાવ્યું હતું. પરંતુ વેપારી વિભાગની 4 બેઠકો સામે માત્ર 2 ફોર્મ ભરાતા આ ઉમેદવારો શરૂથી જ બિનહરીફ વિજેતા થઈ ગયા હતા. તેવી જ રીતે ખરીદ વેચાણ વિભાગની 2 બેઠકો માટે 2 જ ફોર્મ ભરાતા બંન્ને બિનહરીફ વિજયી બની રહ્યા હતા.

ખેડૂત વિભાગની ચુંટણીમાં ભાજપના જ બે જુથો વચ્ચે રસ્સાખેંચની સ્થિતી સર્જાઈ હતી. જો કે ફોર્મ ચકાસણી દરમ્યાન છ ઉમેદવારી પત્રો રદ્ થતાં 10 બેઠકો માટે 11 ઉમેદવારો હોવાથી ફોર્મ પરત ખેંચવામાં ભારે મથામણ સર્જાઈ હોવાનું જાણવા મળે છે. અંતે ધર્મજના રાજેન્દ્રભાઈ પટેલે ઉમેદવારી પરત ખેંચતાં સમગ્ર ચુંટણી બિનહરીફ જાહેર થઈ હતી.

બિનહરીફ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

ખેડૂત વિભાગ : પુનમભાઈ ચૌહાણ - વિરોલ(સી), વિનુભાઈ ચૌહાણ (ધૈર્યપુરા), ઘનશ્યામભાઈ પટેલ (ખડાણા), જીગ્નેશભાઈ પટેલ (ધર્મજ), નગીનભાઈ પટેલ (સુંદરણા), મહેન્દ્રભાઈ પટેલ (જેસરવા), રમેશભાઈ પટેલ (શેખડી), રાકેશભાઈ પટેલ (સાંસેજ), શ્રેયસભાઈ પટેલ (ધર્મજ), જયંતિભાઈ સોલંકી (અરડી), **વેપારી વિભાગ :** કેયુરભાઈ પટેલ (પીપળાવ), મહેશભાઈ પટેલ (ઈસણાવ) અને બે બેઠક ખાલી. **સહકારી ખરીદ-વેચાણ વિભાગ :** તેજસભાઈ પટેલ (પીપળાવ), ભરતભાઈ પટેલ (પેટલાદ)

પેટલાદને ૬ અને સોજીત્રાને ૮ પ્રતિનિધી

પેટલાદની એપીએમસીના સહકારી રાજકારણમાં પણ ભારે રસાકસી જોવા મળી હતી. પેટલાદ તાલુકાના 56 માંથી 14 ગામોનો સોજીત્રા વિધાનસભા મત વિસ્તારમાં સમાવેશ થાય છે. પરંતુ આ એપીએમસીના નવા અસ્તિત્વમાં આવેલ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ જોઈએ તો પેટલાદ વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ પેટલાદના 42 ગામો પૈકી 6 અને સોજીત્રા વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ પેટલાદના 14 ગામો પૈકી 5 સભ્યોને પ્રતિનિધીત્વ મળ્યું છે. ઉપરાંત સોજીત્રા તાલુકાના 3 ડિરેક્ટર્સ પણ APMCમાં આવ્યાં છે.

નડિયાદના કિશન સમોસાના ખાંચામાં દબાણથી 10 સોસાયટીના રહીશોમાં પરેશાન

નડિયાદ કોલેજ રોડ પર દબાણ કોમર્શિયલ બાંધકામ મુદ્દે રોષ

કલેક્ટર કચેરીમાં વારંવાર રજૂઆતો છતાં કાર્યવાહી ન થતાં આંદોલનની ચીમકી


(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૦

નડિયાદ શહેરના કોલેજ રોડ પર આવેલ કિસાન સમોસાના ખાંચા વિસ્તારમાં ગિરિરાજ સોસાયટી દ્વારા સરકારી રસ્તા પર ગેરકાયદે દબાણ અને રહેણાંક મકાનોમાં વગર પરવાનગી કોમર્શિયલ દુકાનો બનાવવાની પ્રવૃત્તિ સામે આસપાસની 10 જેટલી સોસાયટીના રહીશોમાં ઉગ્ર રોષ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકા અને કલેક્ટર કચેરીમાં લેખિત રજૂઆતો કરવા છતાં તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોએ હવે ઉગ્ર લડતના મંડાણ કર્યા છે.

નડિયાદ શહેરના કિશન સમોસાના ખાંચા વિસ્તારમાં સરકારી આરસીસી રોડની જગ્યા પર ગેરકાયદે ઓટલા બનાવી તથા બાંધકામ સામગ્રી મૂકીને સરકારી જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, રહેણાંક હેતુના મકાનોમાં વગર પરવાનગીએ ગેરકાયદેસર દુકાનો બનાવીને કોમર્શિયલ ઉપયોગ શરૂ કરી નગરપાલિકાના નિયમોનું સીધું ઉલ્લંઘન કરાઈ રહ્યું છે.

આ મામલે એલ બી એવન્યુના સંદીપ પટેલ સહિત નિષ્ઠા, સાંઈ ધામ, હસ્તિનાપુર, ચાણક્ય, નિમાનક્ષા, તિરુપતિ, જગદંબા અને પાર્થ ફ્લેટ જેવી 10 સોસાયટીના રહીશોએ તંત્ર સમક્ષ વારંવાર ફરિયાદો કરી છે. ગત 15 ઓક્ટોબર 2026 અને 23 ઓક્ટોબર 2026 ના રોજ મહાનગરપાલિકા કમિશનરને તેમજ પાલિકા દ્વારા પગલાં ન લેવાતાં 30 ઓક્ટોબર 2026 ના રોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગ અંગેની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

મહીસાની તલાવડીમાં વિશાળકાય અજગર દેખાતાં ફફડાટ



મહીસાના ખાયો વિસ્તારની નાની તલાવડીમાં એક વિશાળકાય અજગર નજરે પડતાં સ્થાનિક રહીશો અને પશુપાલકોમાં ભારે ભય તથા ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે. સ્થાનિક રહીશ કમલેશભાઈ રાઉલજીની જાણ બાદ સરપંચ સુનિતાબેન રોહિતે તાત્કાલિક મહુધા ફોરેસ્ટ વિભાગનો સંપર્ક સાધી અજગરને સુરક્ષિત પકડી પાડવા કવાયત હાથ ધરી હતી. આ ઘટનાસ્થળે દોડી આવેલી ફોરેસ્ટ ટીમે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તલાવડીમાં પાણીનું સ્તર વધુ હોવાથી અજગર ઊંડા પાણીમાં છુપાઈ જતાં સફળતા મળી નહોતી.

નડિયાદ નજીક ચાલુ ટ્રેનમાં યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો : બે પકડાયાં

નવજીવન એક્સપ્રેસમાં નાસ્તો કરવા જગ્યા માગવા બાબતે બોલાચાલી થતાં હુમલો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

અમદાવાદથી નડિયાદ પરત ફરી રહેલા યુવકો સાથે નવજીવન એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાં નાસ્તો કરવા જગ્યા માગવા બાબતે થયેલી ગાળાગાળી અને ઝપાઝપી બાદ લાલ શર્ટધારી શખ્સે કમરના ભાગે તીક્ષ્ણ હથિયાર મારી ગંભીર ઈજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૨૨ વર્ષીય યુવકને વધુ સારવાર અર્થે આણંદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમનું ઓપરેશન કરવામાં આવ્યું છે. નડિયાદ રેલવે પોલીસે આ મામલે હંસરાજ મીણા અને જગદીશ નામના બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદના મરીડા ભાગોળના ૨૨ વર્ષીય સોહેલખાન તુફેલખાન પઠાણ અને મજુરગામના અયાનખાન અબ્દુલખાલીદ પઠાણ અમદાવાદના રખિયાલ રોડ સ્થિત ફેબ્રિકેશન કારખાનામાં નોકરી કરે છે. ૧૮મી નવેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યે કાલુપુર રેલવે સ્ટેશનેથી ઉપડેલી નવજીવન એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાં દરવાજા પાસે ઊભેલા બંને યુવકોએ નાસ્તો કરવા માટે નજીકમાં ઊભેલા બે શખ્સો પાસે ખસવાની જગ્યા માગી હતી. આ મુદ્દે બંને શખ્સોએ આનાકાની કરી ઝઘડો કર્યો હતો. જેમાં સોહેલખાનના ગળા પર અને અયાનખાનની જમણી આંખ નીચે ઈજા થઈ હતી.

આ ઝઘડા અંગે અયાનખાને તેના ભાઈ સાદાનને ફોન કરીને નડિયાદ સ્ટેશને બોલાવ્યો હતો. રાત્રે ૧૦:૧૫ વાગ્યે ટ્રેન નડિયાદ પ્લેટફોર્મ નંબર ૧ પર આવતાં સાદાન ટ્રેનમાં ચડ્યો હતો, પરંતુ ભીડના કારણે અયાનખાન પ્લેટફોર્મ પર ઊતરી ગયો જ્યારે સોહેલખાન તથા સાદાન અંદર જ રહી ગયા હતા. ટ્રેન પ્લેટફોર્મ બહાર નીકળતાં જ અગાઉનો ઝઘડો કરનાર લાલ શર્ટ પહેરેલા શખ્સે સોહેલખાનની જમણી પાંસળીની નીચે કમરના ભાગે છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી દીધો હતો.

લોહીલુહાણ થયેલા સોહેલખાને બૂમાબૂમ કરતાં સાદાન અને અન્ય મુસાફરોએ બંને શખ્સોને પકડી લીધા હતા. આ શખ્સો એકબીજાને હંસરાજ મીણા અને જગદીશ કહીને બોલાવતા હોવાનું સામે આવ્યું હતું. ટ્રેન આણંદ સ્ટેશન પહોંચતાં મુસાફરોએ બંને આરોપીઓને નીચે ઊતારી રેલવે પોલીસને સોંપી દીધા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સોહેલખાનને પ્રથમ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ આણંદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

વરસોલા ચોકડીના કોમ્પ્લેક્સમાં તસ્કરોનો તરખાટ

મહેમદાવાદમાં ચાર દુકાનોના શટર તોડી પોણા લાખની ચોરી

કરિયાણું, મોબાઈલ શોપ અને પાન પાર્લર નિશાન બન્યાં

(પ્રતિનિધિ) નડિયાદ મમ

મહેમદાવાદ તાલુકાના વરસોલા ચોકડી પર આવેલા સંકલ્પ કોમ્પ્લેક્સમાં તા. ૧૬મીની રાત્રે અજ્ઞાત તસ્કરોએ એકસાથે ચાર દુકાનોના શટરના નકુચા તોડી રૂ. ૭૨,૩૦૦ની મતાની ચોરી કરી તરખાટ મચાવ્યો છે. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધ્યો હતો.

મહેમદાવાદ તાલુકાના વરસોલા ચોકડી પર આવેલા સંકલ્પ કોમ્પ્લેક્સમાં ધવલ ઈશ્વરદાન ગઢવીની દુકાનના શટર તોડી ગલ્લામાંથી રોકડ રૂ. ૧૪,૦૦૦ અને રૂ. ૨,૪૦૦ના સિગરેટના પેકેટની ચોરી થઈ હતી. તેવી જ રીતે સફાન ઈકબાલભાઈ વહોરાની દુકાનમાંથી ડ્રોઅરમાં મુકેલા રોકડ રૂ. ૨,૦૦૦ તસ્કરો ઉઠાવી ગયા હતાં. મહોસીન મહેબુબખાન મલેકની દુકાનમાંથી રૂ. ૫૩,૦૦૦ની કિંમતના ૪ મોબાઈલ ફોનની ચોરી થઈ હતી. આ ઉપરાંત જાવેદ નબીખાન મલેકની દુકાનમાંથી રૂ. ૯૦૦ના સિગરેટના પેકેટ ચોરાયા હતાં. આમ, એક જ રાતમાં ચાર દુકાનોના શટર તોડી કુલ રૂ. ૭૨,૩૦૦ની ચોરી થતાં વેપારીઓમાં ફાળ પડી છે. ધવલ ઈશ્વરદાન ગઢવીની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજના પીરોજપુર ગામે ૧૯૮ ઊંટોને ચકરી અને ચામડીના રોગો સામે રક્ષણ અપાયું

કપડવંજ | ખેડા જિલ્લા પંચાયત પશુપાલન વિભાગ અને કપડવંજ પશુ દવાખાના દ્વારા વાત્રક અને માજમ નદીના સંગમ સ્થાને આવેલા પીરોજપુર ગામે માલધારી સમાજના ૧૯૮ ઊંટોની વિનામૂલ્યે સારવાર કરવામાં આવી હતી. તમામ કચ્છી, મારવાડી અને માલવી જાતિના ઊંટોને ઝેરબાજ (ચકરી) વિરોધી રસી, ચામડીના રોગો સામે રક્ષણ અને કૃમિ નિવારણ સારવાર પૂરી પાડવામાં આવી હતી. વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક ડો. બ્રહ્મક્ષત્રીય તથા ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પશુપાલકોને વૈજ્ઞાનિક પશુપાલન અને સેક્સ સોર્ટેડ સીમેન અંગે માર્ગદર્શન અપાયું હતું.



કપડવંજમાં સવાસો ગોળ પ્રજાપતિ સમાજનો પ્રથમ સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાયો

કપડવંજ | કપડવંજ નજીક લાડુજીના મુવાડા ખાતે રાધાસ્વામી સત્સંગ હોલમાં સવાસો ગોળ પ્રજાપતિ સમાજનું પ્રથમ સ્નેહમિલન તથા વિશિષ્ટ સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં નવનિયુક્ત કર્મચારીઓ, વર્ગ-૨ ના અધિકારીઓ તેમજ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજના ઉપપ્રમુખ ઈશ્વરભાઈ પ્રજાપતિએ આગામી સમયમાં આરોગ્ય કેમ્પ યોજવા અને વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવાની યોજના રજૂ કરી હતી. પ્રમુખ શાંતિલાલ પ્રજાપતિએ સમાજને સંગઠિત કરી શૈક્ષણિક ક્ષેત્રે આગળ લઈ જવાની નેમ વ્યક્ત કરી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજ ખાતે ૧૨૯મી શ્રી રંગ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



કપડવંજ | કપડવંજની આશીર્વાદ સોસાયટી સ્થિત શ્રી રંગ ખુશી ભવન ખાતે શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની ઉપસ્થિતિમાં અવધૂત દરબાર દ્વારા ૧૨૯મી શ્રી રંગ જયંતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ચરણમાં દીપ પ્રાગટ્ય બાદ અવધૂતી આનંદ ભજન ગાન સ્પર્ધા, 'ભજનાનંદની મસ્તી' કાર્યક્રમ તથા મહાપ્રસાદનું આયોજન યોજાયું હતું. આ મહોત્સવના મુખ્ય દિવસે પાદુકા પૂજન, 'શ્રી રંગજીવન તત્ત્વદર્શન' વિષય પર વિશેષ વક્તવ્ય અને શ્રી રંગ જન્મોત્સવની ભાવભેર ઉજવણી થઈ હતી. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ધર્મલાભ લીધો હતો.

આણંદના હાડગુડ ખાતે સૈયદ સમાજ યુવક-યુવતી પસંદગી મેળાનું આયોજન કરાયું

આણંદ | પંજતન ફાઉન્ડેશન હાડગુડ દ્વારા આરીફભાઇ સૈયદ (ભૂરીયા ભાઇ) અને તેમની ટીમ દ્વારા સૈયદ સમાજના યુવક-યુવતીઓ માટે પસંદગી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પંજતન ફાઉન્ડેશન દ્વારા કરમસદ આણંદ મહાનગરપાલિકાના કોર્પોરેટર મહેશભાઇ વસાવા, સામાજિક કાર્યકર તોસીફ હાફેજી અને આણંદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ઇલ્યાસ આઝાદનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૈયદ સમાજના અગ્રણીઓ અને આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવક-યુવતીઓએ હાજર રહીને આ પસંદગી મેળાને સફળ બનાવ્યો હતો.



આણંદની સરદાર વલ્લભભાઇ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગના 3 શિક્ષકોનું સન્માન કરાયું



આણંદ | રોટરી ક્લબ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'Nation Builder Award' સમારોહમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ, ખેતીવાડીના ત્રણ શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, નિષ્ઠા અને સમર્પણભાવ બદલ શિક્ષક કામિનીબેન તલાટી, છત્રસિંહ ડામોર અને કમલેશકુમાર પરમારને પ્રમાણપત્ર તથા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય, શિક્ષકગણ અને શાળા પરિવારે ત્રણેય સન્માનિત શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઘઉંના પિયત વ્યવસ્થાપન અંગે તાલીમ અને નિદર્શન કિટ વિતરણ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર ખાતે સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત નર્મદા કમાન્ડ વિસ્તારના આશરે ૩૦ ખેડૂતો માટે ઘઉંના પાકમાં પિયત વ્યવસ્થાપન અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ખાંધા કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. જે. એચ. ચૌધરીએ ખેડૂતોને ઘઉંની વૈજ્ઞાનિક ખેતી અને પિયત વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સિનિયર રિસર્ચ ફેલો જે. ડી. બલદાણિયા અને ખેતી મદદનીશ સી. બી. ઝાલાએ ઘઉંની સુધારેલી જાતો તથા નિદર્શન અંગે માહિતગાર કર્યા હતા. તાલીમ બાદ ઉપસ્થિત ખેડૂતોને પિયત વ્યવસ્થાપન અને નિદર્શન માટે કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ચરોતર સાત ગામ પાટીદાર સમાજનો ઇનામ વિતરણ સમારંભ ભવ્ય રીતે સંપન્ન

આણંદ | ખંભાતના ઉદ્યોગ નગર સ્થિત ગાયત્રી આઈસ ફેક્ટરી ખાતે ચરોતર સાત ગામ પાટીદાર સમાજનો ઇનામ વિતરણ સમારંભ ભવ્ય રીતે યોજાયો હતો. આ સમારંભમાં સમાજના 143 તેજસ્વી તારલાઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમના સભા પ્રમુખ મફતભાઈ પટેલે ભવિષ્યના એક ઇનામ વિતરણ સમારોહનો સંપૂર્ણ ખર્ચ આપવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના નાગરિકો અને વાલીઓએ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી નવા વર્ષની પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી.



બાકોર - પાંડરવાડા ખાતે ૩૨ ગામ પંચાલ સમાજનો સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાયો

ખાનપુર | બાકોર - પાંડરવાડા સ્થિત કે. એમ. દોશી હાઈસ્કૂલના હોલ ખાતે ૩૨ ગામ પંચાલ સમાજ ખાનપુર-વીરપુર વિભાગની સામાન્ય સભા ભવ્ય રીતે યોજાઈ હતી. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓ, વિશિષ્ટ પ્રતિભાવંતો અને નિવૃત્ત કર્મચારીઓનું રજત મુદ્રા, કેસરી ખેસ, પ્રમાણપત્ર તથા શાલ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજમાંથી કુરિવાજો નાબૂદ કરવા તથા સામૂહિક લગ્નપ્રથા તરફ પ્રેરિત કરવા માટે મંડળના હોદ્દેદારો દ્વારા સમાજજનોને અપીલ કરાઈ હતી. સામાજિક એકતા અને ભાઈચારાની ભાવના સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં પાર્કિંગ તથા સ્વચ્છતાના સુચારુ આયોજન વચ્ચે સમૂહ ભોજનનું પણ આયોજન કરાયું હતું.



આણંદના શ્રી રોકડીયા હનુમાનજી મંદિરે ભવ્ય અન્નકૂટ મનોરથ અને મહાઆરતી યોજાયા



આણંદ | આણંદ સ્થિત શ્રી રોકડીયા હનુમાનજી મંદિરે દિવાળી પર્વ નિમિત્તે કાળી ચૌદસના પવિત્ર દિવસે ભગવાનને સેંકડો શુદ્ધ શાકાહારી વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતોની પાવન ઉપસ્થિતિ અને આશીર્વાદ સાથે બપોરે ભક્તિભાવપૂર્વક મહાઆરતીનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીના બિપીનચંદ્ર પટેલ, ડો. પાર્થ પટેલ, ડો. ઇશિતાબેન પટેલ તથા અભિનેતા ચંદન રાઠોડ સહિત મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

લુણાવાડાના મોટા સોનેલા ખાતે 'જનજાતીય ગૌરવ સપ્તાહ' અંતર્ગત યુવા સંમેલન યોજાયું

ખાનપુર | લુણાવાડા તાલુકાના મોટા સોનેલા ગામે ડો. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે 'જનજાતીય ગૌરવ સપ્તાહ' અંતર્ગત યુવા સંમેલન યોજાયું હતું, જેમાં રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ યુવાનોને ભગવાન બિરસા મુંડાના આદર્શો અપનાવી, શિક્ષિત અને સંગઠિત બનીને 'વિકસિત ભારત-૨૦૪૭'ના નિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આ સંમેલનમાં વેજલપુરના ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, જિલ્લા કલેક્ટર અર્પિત સાગર સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.



બાકરોલના સ્પેક કેમ્પસ ખાતે NSS સેલ દ્વારા 'સરદાર એકતા યાત્રા'નું આયોજન કરાયું

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ, બાકરોલ ખાતે એનએસએસ યુનિટ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે 'સરદાર એકતા યાત્રા' યોજાઈ હતી. આ યાત્રામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો તથા દેશની એકતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા એનએસએસ સ્વયંસેવકો અને ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

